અંકલેશ્વર-રાજપીપલા હાઈસ્પીડ કોરિડોર અને એર સ્ટ્રીપ ફેઝ-2 સહિતના મેગા પ્રોજેક્ટ્સનું કર્યું ખાતમુહૂર્ત કરતા CM ભૂપેન્દ્ર પટેલ

# ભરૂચને 1350 કરોડના વિકાસ પ્રોજેક્ટની ભેટ



(પ્રતિનિધિ) ભરૂચ, તા.14
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શનિવારે ભરૂચ જિલ્લાના ઝાડેશ્વર ખાતે આયોજિત 'વિકાસ ઉત્સવ'માં જિલ્લાને રૂ. 1350.68 કરોડના 139 વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી. આમાં રૂ.1248.57 કરોડના 73 નવા કામોનું ખાતમુહૂર્ત અને રૂ. 102 કરોડના 66 કામોનું લોકાર્પણ સામેલ છે.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે અંકલેશ્વર-રાજપીપલા હાઈસ્પીડ કોરિડોર (રૂ. 760 કરોડ) અને અંકલેશ્વર એર સ્ટ્રીપ ફેઝ-2 સહિતના મેગા પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત કરાવ્યું. તેમણે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાજ્ય સરકારે એવું સુદ્રઢ આયોજન કર્યું છે કે વિકાસના કામો માટે નાણાંની ક્યારેય કમી નહીં આવે. સભાને સંબોધતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે વર્ષ 2001માં રાજ્યનું બજેટ માત્ર રૂ.36 હજાર કરોડ હતું, જે આજે વધીને રૂ. 4 લાખ કરોડને પાર થઈ ગયું છે. ભરૂચમાં નવા જિલ્લા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના નિર્માણથી 2 લાખથી વધુ યુવાનોને લાભ મળશે અને 2030માં અમદાવાદમાં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ માટે પ્રતિભાઓ તૈયાર થશે.

તેમણે જંબુસરમાં એક હજાર એકરમાં દેશના પ્રથમ બલ્ક ડ્રગ્સ પાર્કની કામગીરીની પણ વિગત આપી. નર્મદા પરિક્રમાર્થીઓ માટે 8 વિશ્રામ હોલ અને ગ્રામીણ વિસ્તારમાં 64 નવા પંચાયત ઘરો બનાવવાની જાહેરાત પણ તેમણે કરી. મહેસૂલ વિભાગ દ્વારા રૂ. 1.17 કરોડના ખર્ચે નવીનીકરણ પામેલા 4 જનસેવા કેન્દ્રોનું પણ લોકાર્પણ કરાયું.

આ કાર્યક્રમમાં આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયા, પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ,ધારાસભ્ય પૈકી રમેશ મિસ્ત્રી,અરુણસિંહ રણા,રીતેશ વસાવા, સાંસદ મનસુખભાઈ વસાવા, જિલ્લા પંચાયત પ્રમુખ મહેન્દ્રસિંહ વાંસદિયા,ભાજપ પ્રમુખ પ્રકાશ મોદી,પૂર્વ પ્રમુખ મારૂતીસિંહ અટોદરીયા, પૂર્વ મંત્રી ખુમાનસિંહ વાંસિયા,અને અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### ભરૂચ મહાનગરપાલિકાનું સ્વપ્ન અધૂરું: મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની માર્મિક ટકોરથી ગરમ ચર્ચા..!!

ઘણા સમયથી ભરૂચ મહાનગરપાલિકાનો દરજ્જો અપાવવાના સ્થાનિકોનાં સ્વપ્ના અધૂરા રહેવાના હોય એવો અહેસાસ થયો છે.ભરૂચના કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીએ ભરૂચના વિકાસ અંગે પ્રશ્ન કરતાં કહ્યું, કેમ બધા શાંત થઇ ગયા...!!!"ભરૂચમાં કોઈ કામ બાકી હોય એ માટે ભરૂચમાંથી જાણવા મળ્યું કે અમે મહાનગરપાલિકામાં રહી ગયા છે. ત્યારે ભુપેન્દ્ર પટેલે જાણે માર્મિક ટકોર કરતા કહ્યું કે અમે તમારા "મહાનગરપાલિકા" કરતા પણ વધારે કામ કરીશું. પણ તમારી તૈયારી જોઈએ આયોજનબદ્ધ કરવાની. તમે કામ લેતા થાકી જાવ એટલો મજબુત પાયો દેશના વડાપ્રધાને ફાયનાન્શિયલ તૈયાર કર્યું છે. મુખ્યમંત્રીના આ નિવેદનને ભરૂચ મહાનગરપાલિકાની માંગ કરનારાઓ માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે. તેમના આ બોલથી સ્થાનિક રાજકીય ગલિયારામાં ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે. મુખ્યમંત્રીની આ ટિપ્પણીથી ભરૂચના નાગરિકો અને સ્થાનિક નેતાઓમાં મિશ્ર પ્રતિક્રિયા જોવા રહ્યા છે.

સાગબારા-ડેડીયાપાડા નેશનલ હાઇવે પર ગમખ્વાર અકસ્માત

# કોડબા ગામે બાઈક અકસ્માતમાં 2 યુવાનોના કરુણ મોત, એક ગંભીર

**સ્પીડ** બ્રેકર નજરે ન પડતાં બાઈક દુકાનમાં ઘૂસી, આથમતા સૂરજ સાથે સાથે બુઝાઈ ગયાં બે યુવાનોના જીવનદીપ"

(પ્રતિનિધિ) સાગબારા, તા. 14
સાગબારા-ડેડીયાપાડા નેશનલ હાઈવે પર કોડબા ગામ નજીક આવેલા વળાંકમાં બાઈકને અકસ્માત નડતા ત્રણ મિત્રોમાંથી 2 યુવાનોના કરુણ મોત થતાં વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે, જ્યારે એક યુવાન ઘાયલ થયો હતો.

સાગબારા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ અનુસાર, અજય ખુમાનસિંગ વળવી (ઉ.વ. આશરે 25, રહે. ઓરપા, તા. અક્કલકુવા, જી. નંદુરબાર) બાઈક નંબર GJ05-KQ-5004 ચલાવી રહ્યો હતો. તેની સાથે મિત્ર નિતેષ મગન વસાવા (ઉ.વ. આશરે 18, રહે. તલાઈ, તા. અક્કલકુવા, જી. નંદુરબાર) ઈશ્વર વસાવા મળી કુલ ત્રણેય મિત્રો બાઈક પર સવાર થઈ સાંજના સમયે ગુજરાત તરફ આવી રહ્યા હતા.

આ દરમિયાન સાગબારા નજીક કોડબા ગામના વળાંક પાસે હાઈવે પર મુકાયેલા સ્પીડ બ્રેકર ચાલકને નજરે ન પડતાં બાઈક ફુલ સ્પીડે હોય બમ્પરિયા પરથી ઉછળી ગઈ હતી. અચાનક ઝટકાથી બાઈકચાલકનો સ્ટેરિંગ પરનો કાબૂ છૂટી જતા બાઈક સીધી રસ્તા કિનારે આવેલી એક દુકાનમાં અથડાઈ ગઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈકચાલક અજય ખુમાનસિંગ વળવીનું ગંભીર ઈજાઓના પગલે ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માતમાં અન્ય મિત્ર નિતેષ મગન વસાવાને મોઢાના ભાગે તેમજ શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે ફરિયાદી ઈશ્વર વસાવાને છાતીની ડાબી બાજુ, ખભા તેમજ બંને હાથની કોણીઓમાં ઈજાઓ પહોંચી હતી.

સ્થાનિક ગ્રામજનોએ 108 એમ્બ્યુલન્સને જાણ કરતા ઘાયલોને સાગબારા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

ઘાયલ નિતેષ મગન વસાવાને વધુ સારવાર માટે રાજપીપળા ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર દરમિયાન તેણે પણ દમ તોડી દીધો હતો. આમ એક જ બાઈક પર મુસાફરી કરતા ત્રણ મિત્રોમાંથી 2ના કરુણ મોતના બનાવે બંનેના ગામોમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

રમત ગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમો

# વાઘોડિયા ITM વોકેશનલ યુનિ.માં પાંચ દિવસ લિટમસ 2026નું આયોજન

**ઉત્કૃષ્ટ** પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા



(પ્રતિનિધિ) વાઘોડિયા તા.14
રવાલ નજીક આવેલ આઈટીએમ વોકેશનલ યુનિવર્સિટી ખાતે લિટમસ 2026નું આયોજન કરાયું હતું. પાંચ દિવસીય આ ઉજવણીમાં રમત ગમત, સંસ્કૃતિનું મિશ્રણ સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું.

આઈટીએમ વોકેશનલ યુનિવર્સિટી ખાતે મેગ્નિફ ધ મેનેજમેન્ટ ફેસ્ટિવલ તેમજ ટેકનોવિઝન પ્રીમિયર તથા ટેકનિકલ ઈવેન્ટ અને વિજ્ઞાન પ્રદર્શન સહિત વિવિધ ક્ષેત્રોના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સાથે સાથે બિઝનેસ મોડલ ટેકનિકલ પ્રોજેક્ટ અને વૈજ્ઞાનિક પ્રયોગો પણ રજૂ કરાયા હતા. તેમજ ગ્રાન્ડ ફિનાલે કલ્ચરલ ઈવનિંગ અને પરંપરાગત સમકાલીન નૃત્ય કૃત્યો , ભાવનાત્મક સંગીત અને ફેશન શો થી કોલેજનું કેમ્પસ ઝળહળી ઉઠ્યું હતું. આ કાર્યક્રમ આઈટીએમ કોલેજના ડિરેક્ટર ગુલશન કુમારના નેતૃત્વમાં યોજાયો હતો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંદીપ પટેલ સ્થાપક અને મુખ્ય કાર્યકારી અધિકારી એસપી એજ્યુવોયલ લી.જયેશ ચોધરી એસોસિયટ એડિટર સાથે સાથે મેકાટ્રોનિક્સ ફોરમ ઓર્ગેનાઈઝેશન, હેલો બરોડાના સ્થાપક અને CEO વિશાલ જાદવ પાટીદાર ઈન્ટરનેશનલ કુરિયર સર્વિસના CEO યોમ પટેલ પણ ખાસ ઉપસ્થિત પણ રહ્યા હતા. આ મહોત્સવમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારાઓને સન્માનિત કરાયા હતા.

# બેંકર્સ નર્સિંગ ઈન્સ્ટિટ્યૂટ ખાતે કાલે લેમ્પ લાઈટિંગ અને ઓથ ટેકિંગ સમારોહ

(પ્રતિનિધિ) પાદરા.તા.14
પાદરા તાલુકાના મહુવડ ચોકડી નજીક આવેલ બેંકર્સ નર્સિંગ ઇન્સ્ટિટ્યૂટ ખાતે આવતી કાલે તા. ૧૬ માર્ચ ૨૦૨૬, સોમવારના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યે લેમ્પ લાઈટિંગ અને ઓથ ટેકિંગ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં બી.એસસી. નર્સિંગના ૬ઠ્ઠા બેચ અને જી.એન.એમ.ના ૧૭મા બેચના વિદ્યાર્થીઓ દ્વારા લેમ્પ લાઈટિંગ તથા નર્સિંગ સેવા માટેની શપથવિધિ યોજાશે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નર્સિંગ ક્ષેત્રમાં પ્રવેશતા વિદ્યાર્થીઓમાં સેવા ભાવના, કર્તવ્યનિષ્ઠા અને માનવતાની ભાવના મજબૂત બનાવવાનો છે.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે લેફ્ટનન્ટ કર્નલ ડો. હિમાંશુ પાંડે, સિનિયર કન્સલ્ટન્ટ સર્જન (IOCL), વડોદરા તથા લેફ્ટનન્ટ કર્નલ ડો. (શ્રીમતી) સીમા પાંડે, સિનિયર કન્સલ્ટન્ટ ગાયનેકોલોજિસ્ટ (IOCL), વડોદરા ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને આશીર્વચન આપશે.

નાયબ ઇજનેરોના માર્ગદર્શન હેઠળ ટીમો દ્વારા કામગીરી

# પાદરા MGVCLની મેગા ડિસ્કનેક્શન અને રિકવરી ડ્રાઈવમાં લાખો રૂપિયાની વસુલાત

**970 ગ્રાહકો** પાસેથી અંદાજે રૂ.48 લાખથી વધુની વસુલાત

(પ્રતિનિધિ) પાદરા તા. 14
પાદરા વિસ્તારમાં વીજબીલની બાકી વસુલાત માટે પાદરા એમ.જી.વી.સી. એલ. દ્વારા મેગા ડિસ્કનેક્શન તથા રિકવરી ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. પાદરા-૧ નિતેશ વાળંદ અને પાદરા-૨ એમ.એસ. સંઢાડા સાઈટ પેટા વિભાગના નાયબ ઈજનેરોના માર્ગદર્શન હેઠળ ટીમો દ્વારા વિવિધ ગામો અને શહેર વિસ્તારમાં કામગીરી કરવામાં આવી હતી.

પાદરા-૧ એસ.ડી.એન. અંતર્ગત ટીમ નંબર ૩૩ દ્વારા પાદરા શહેર સહિત બિલ, ચાપડ, ચાણસદ, સમીયાલા, લક્ષ્મીપુરા, સંગામા, રાઈપુરા, ગોકુલપુરા, દરાપુરા, પટોદ, ખલીપુર, સોખડા, મદાપુર સહિતના ગામોમાં ચકાસણી અને વસુલાત કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન કુલ ૯૭૦ ગ્રાહકો પાસેથી અંદાજે રૂ.48 લાખ થી વધુ વસુલાત કરવામાં આવી હતી. તેમજ બાકી બિલ ન ભરનાર ગ્રાહકો સામે કાર્યવાહી કરતા ૫૩ વીજ જોડાણો કાપી નાખવામાં આવ્યા હતા, જેમાં કુલ રૂ. ૨.૧૯ લાખની બાકી રકમ નોંધાઈ હતી.

જ્યારે પાદરા-૨ પેટા વિભાગ હેઠળ ટીમ નંબર ૩૨ દ્વારા મેઢાદ, સરસવાણી, હુસેપુર, વિરપુર, સાદડ, કોઠવાડા, આમડા, સાધી, મહુવડ, રણુ, વડદલા, પાવડા, ડબકા, મુજપુર, મોહમ્મદપુરા, સુલતાનપુરા સહિતના ગામોમાં ચકાસણી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ૧૦૭૨ ગ્રાહકો પાસેથી રૂ. ૧૯.૭૬ લાખની વસુલાત કરવામાં આવી હતી. ઉપરાંત બાકીદાર ગ્રાહકો સામે કાર્યવાહી કરતા ૩૦૧ વીજ જોડાણો તાત્કાલિક અસરથી કાપી નાખવામાં આવ્યા હતા, જેમાં અંદાજે રૂ. ૬.૫૬ લાખની બાકી રકમ હતી.

એમ.જી.વી.સી.એલ. દ્વારા જણાવાયું હતું કે ગ્રાહકોને સમયસર વીજબીલની ચુકવણી કરવા વારંવાર અપીલ કરવામાં આવી રહી છે. છતાં બાકી બિલ ન ભરનાર ગ્રાહકો સામે નિયમ મુજબ ડિસ્કનેક્શન જેવી કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ મેગા ડ્રાઈવ દરમિયાન અનેક ટીમો દ્વારા સતત કામગીરી હાથ ધરવામાં આવી હતી. એમ.જી.વી.સી.એલ. નાયબ ઈજનેર એ ગ્રાહકોને અપીલ કરવામાં આવી હતી કે તેઓ પોતાના વીજબીલ સમયસર ભરવા જેથી આવી કાર્યવાહીથી બચી શકાય. આગામી દિવસોમાં પણ આવી રિકવરી અને ચકાસણી ડ્રાઈવ ચાલુ રાખવામાં આવશે.

### ભિંડોલ સાલોજ નાની આમરોલ આમ્બજાટી એપ્રોચ રોડનું ખાતમુહૂર્ત



■ જેતપુર પાવી વિધાનસભામાં આવતા ભિંડોલ સાલોજ નાની આમરોલ આમ્બજાટી એપ્રોચ રોડ અંદાજિત 4.68 કરોડના ખર્ચે બનશે જેનું ખાતમુહૂર્ત ચૂંટાયેલ જનપ્રતિનિધિશ્રીઓ, સંગઠનના હોદ્દેદારઓ, ગ્રામ્ય આગેવાનો અને ગ્રામજનો સાથે કર્યું. આ તકે ગ્રામજનોની મેડિકલ સુવિધામાં વધારો કરવાના હેતુ સાથે એમ્બ્યુલન્સ અર્પણ કરી.

જમીન સ્તરે નિ:સ્વાર્થ સેવા આપનારાઓનું સન્માન

# આર્ટ ઓફ લિવિંગ સંસ્થા દ્વારા 'અનસંગ એવરીડે હીરોસ એવોર્ડ્સ'ની જાહેરાત

(પ્રતિનિધિ) વડોદરા તા.14
ગત ૪૫ વર્ષોથી માનવતાની સેવા એ આર્ટ ઓફ લિવિંગની ઓળખ રહી છે. નક્સલ પ્રભાવિત ગામોમાં પ્રથમ શાળા શરૂ કરવાની પહેલ હોય, દુષ્કાળથી પીડિત વિસ્તારોમાં નદીઓનું પુનર્જીવન કરવાનો સંકલ્પ હોય, અથવા તણાવ, આઘાત અને કુદરતી આપત્તિઓથી પીડિત સમુદાયોને ફરી સંભાળવાની દિશા બતાવવાનો પ્રયાસ હોય – સંસ્થાના આ તમામ કાર્યોને આગળ વધારવામાં સામાન્ય લોકોની અસાધારણ પ્રતિબદ્ધતા અને સેવા ભાવનાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

માનવતાની સેવા ના આ ૪૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આર્ટ ઓફ લિવિંગ સંસ્થાએ 'અનસંગ એવરીડે હીરોસ એવોર્ડ્સ' નામની રાષ્ટ્રવ્યાપી પહેલની જાહેરાત કરી છે. આ પહેલનો હેતુ એવા વ્યક્તિઓને સન્માનિત કરવાનો છે જેમની નિઃસ્વાર્થ સેવા અને સમર્પણ દેશભરના સમુદાયોને સશક્ત બનાવી રહ્યા છે.

ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીની પ્રેરણાથી શરૂ કરવામાં આવેલા આ પુરસ્કારોનો હેતુ એવા લોકોના કાર્યને પ્રકાશમાં લાવવાનો છે, જેમનું યોગદાન ઘણીવાર ચર્ચામાં આવતું નથી, પરંતુ જેમના પ્રયત્નોએ પેઢીઓ સુધી લોકોના જીવન પર સકારાત્મક અસર પેદા કરી છે.

આ પુરસ્કારના પ્રથમ સંસ્કરણમાં યુવા નેતૃત્વ, રમતગમત ક્ષેત્ર અને ઉદ્યોગ/વ્યવસાય દ્વારા પરોપકાર અને સેવાભાવ (philanthropy) ક્ષેત્રમાં કાર્યરત એવા વ્યક્તિઓને સન્માનિત કરવામાં આવશે, જે સત્યનિષ્ઠા, નિઃસ્વાર્થ સેવા અને શ્રેષ્ઠતાના મૂલ્યો દ્વારા સમાજને પ્રેરણા આપી રહ્યા છે.

આ પહેલનો હેતુ સમાજમાં સકારાત્મકતા, સેવા અને માનવીય મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે વ્યાપક જનઆંદોલનને પ્રેરિત કરવાનો છે. સંસ્થાનો વિશ્વાસ છે કે જે કોઈ વ્યક્તિ પોતાના સમુદાયની સેવા કરે છે, તે ખરેખર એવો નાયક છે જેને સન્માન મળવું જોઈએ.

આ એવોર્ડ માટે નીચે આપેલી લિંક દ્વારા આપ સમાજમાં જે લોકો આ રીતે નિઃસ્વાર્થ ભાવે સેવા આપે છે તેમને નામાંકિત (નોમિનેટ) કરી શકો છો, તેમજ આપ પોતાને પણ સેલ્ફ નોમિનેટ કરી શકો છો, અને આ પ્રક્રિયા સંપૂર્ણપણે નિઃશુલ્ક છે.

https://awards.artofliving.org/india/nominate ૧૪ એપ્રિલથી ૩૦ એપ્રિલ ૨૦૨૬ દરમિયાન દેશભરના સમુદાયો એકત્ર થઈ આવા પરિવર્તનકારકોનું વિવિધ જિલ્લાઓ માં સન્માન કરશે. આ એવોર્ડ્સ સાથે સાથે આર્ટ ઓફ લિવિંગના વિવિધ ચેપ્ટર્સ દેશભરમાં અનેક સેવા પ્રવૃત્તિઓનું આયોજન પણ કરશે. તેમાં વૃક્ષારોપણ અભિયાન, મહોલ્લા સ્વચ્છતા અભિયાન, નિઃશુલ્ક આરોગ્ય શિબિર (ખાસ કરીને મહિલાઓના આરોગ્ય અને પોષણ પર કેન્દ્રિત), તેમજ નવચેતના અને બાળચેતના જેવી વર્કશોપ્સનો સમાવેશ થશે.

# બોડેલીમાં રાજપૂત સમાજ ઉત્કર્ષ મંડળ દ્વારા સમૂહ લગ્ન યોજાયા



(પ્રતિનિધિ) બોડેલી તા.14
બોડેલી તાલુકાના વણીયાદ્રી ખાતે આવેલ રામસિંહજી દીપસિંહ વાસદિયા રાજપૂત સમાજ ભવન ખાતે રાજપૂત સમાજ ઉત્કર્ષ મંડળ બોડેલી દ્વારા 29મો સમૂહ લગ્નોત્સવ ભવ્ય અને ઉત્સાહભેર યોજાયો હતો. આ સમૂહ લગ્નોત્સવ પ્રમુખશ્રી ઘનશ્યામસિંહ ઘરીયાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો, જેમાં સમાજના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં સમાજ ના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સમૂહ લગ્ન પ્રસંગે પધારેલ મહેમાનોનું સમાજના આગેવાનો દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સુનીતાબા જયદીપસિંહ સોલંકી, સજ્જનબા પરમાર, કિરપાલસિંહ મહારાઉલ, ગણપતસિંહ સોલંકી, જયેન્દ્રસિંહ પરમાર, ગોપાલસિંહ સોલંકી, નરેન્દ્રસિંહ પરમાર, હેમેન્દ્રસિંહ મહારાઉલ, યશપાલસિંહ ઠાકોર, ખુમાનસિંહ સોલંકી અને યોગેન્દ્રસિંહ વર્ણામીયા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. સમૂહ લગ્નને સફળ બનાવવા માટે આયોજકો દ્વારા વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી.

આવા સમૂહ લગ્નોત્સવ દ્વારા સમાજમાં સાદગીપૂર્ણ અને ખર્ચ બચતવાળા લગ્નને પ્રોત્સાહન મળે છે તેમજ આર્થિક રીતે નબળા પરિવારોને મોટી સહાય મળે છે. સમગ્ર કાર્યક્રમ હર્ષોલ્લાસ અને આનંદના માહોલમાં સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

યોજાયેલી ભવ્ય રામકથામાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા

# પાદરામાં સંતરામ મંદિર ખાતે 12 દિવસીય વિવિધ ધાર્મિક મહોત્સવનો પ્રારંભ થયો




**મયંકભાઇ** શાસ્ત્રી દ્વારા ભવ્ય રામકથાનો રસપાન કરાવાયો હતો

(પ્રતિનિધિ) પાદરા, તા.14
પાદરા શહેરના સંતરામ મંદિર ખાતે પરમ પૂજ્ય યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજની દિવ્યખંડ જ્યોતિના શુભ આશીર્વાદ તેમજ સંતરામ મંદિરના વર્તમાન મોહન પરમ પૂજ્ય રામદાસજી મહારાજની આજ્ઞા અને પ્રેરણાથી સંતરામ મંદિરનો વાર્ષિકોત્સવ ઉજવાઈ રહ્યો છે. આ અવસર પર બ્રહ્મલીન પરમ પૂજ્ય મહંત માધવદાસજી મહારાજને પરમ કરેલ પંચદિન હોમાત્મક શ્રી રામકથા સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ આયોજન અંતર્ગત તા. ૧૩ માર્ચ થી ૨૭ માર્ચ ૨૦૨૬ સુધી કુલ ૧૨ દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. જેમાં ભક્તો માટે રામકથા, પૂજન, હવન તથા અન્ય ધાર્મિક વિધિઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના ભાગરૂપે તા. ૧૩ માર્ચ થી ૧૯ માર્ચ દરમિયાન દરરોજ બપોરે ૨:૩૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી વક્તા મયંકભાઈ વિજયભાઈ શાસ્ત્રી દ્વારા શ્રી રામકથાનું રસપાન કરાવવામાં આવશે. ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કથાનો લાભ લઈ રહ્યા છે. રામકથાના પ્રારંભ પૂર્વે પાદરા શહેરના પુનિત ચોક વિસ્તારમાં આવેલ હનુમાનજી મંદિરથી સંતરામ મંદિર સુધી ભવ્ય શોભાયાત્રા પણ યોજાઈ હતી. ભક્તો દ્વારા ધ્વજ, ભજન-કીર્તન અને જયઘોષ સાથે શોભાયાત્રા સંતરામ મંદિર ખાતે પહોંચી હતી, જ્યાં વિધિવત રીતે રામકથાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પાદરા પી.પી.શ્રોફ પરિવાર ના સંદીપભાઈ શ્રોફ સહિત પાદરા નગર પાલિકા સદસ્ય સંતોષ પટેલ, માજી પ્રમુખ પરેશ ગાંધી, સંકેત પટેલ પણ પોથી યાત્રા માં જોડાયા હતા. આ સમગ્ર આયોજન પૂજ્ય મહંત શ્રી મોહનદાસજી મહારાજ, સંતરામ મંદિર પાદરા, ઉત્સવ સમિતિ તથા ભક્ત મંડળ પાદરા દ્વારા કરવામાં આવ્યું છે. આગામી દિવસોમાં પણ મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહી ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લેશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

વડોદરા પોલીસ દ્વારા એન્ટી-ટોબેકો ક્ષેત્રે કાર્યકર અનંત ક્રિશ્ચિયનનું સન્માન

# 'મારુ સ્વપ્ન એક તમાકુમુક્ત પેઢીનું : અનંત ક્રિશ્ચિયન

**ટોબેકો-ફ્રી** સ્કૂલ અભિયાન, યેલો લાઇન કેમ્પેઇન જેવી પહેલો ગુજરાતના અનેક જિલ્લાઓ સુધી વિસ્તરી




(પ્રતિનિધિ) વડોદરા તા.14
વડોદરા પોલીસે તાજેતરમાં સામાજિક કાર્યકર અનંત ક્રિશ્ચિયને તમાકુ વ્યસન વિરુદ્ધ જાગૃતિ ફેલાવવા અને નશાની લતમાંથી પીડાતા લોકોને પુનર્વસન માટે કરેલા સક્રિય પ્રયાસો માટે પોલીસ કમિશનરશ્રી નરસિંહા કોમાર દ્વારા પ્રશસ્તિત્ર એનાયત કરી સન્માનિત કરાયા છે. શ્રી સામાજિક કાર્યકર અને વ્યવસાયથી વકિલ શ્રી અનંત ક્રિશ્ચિયન વર્ષ ૨૦૦૩થી વડોદરામાં ડી-એડિક્શન ક્ષેત્રે કાર્યરત છે અને ખાસ કરીને યુવાનોને તમાકુ તથા સંબંધિત પદાર્થોથી દૂર રાખવા ફૈથ ફાઉન્ડેશ શરૂ કરી યુવાનોને નશાનો ભોગ બનતા અટકાવવા કામગીરી કરી રહ્યા છે.

તેમની સફરની શરૂઆત એક વ્યક્તિગત દુર્ઘટના પછી થઈ હતી. ક્રિશ્ચિયનના પિતા, જેઓ જીવનભર ક્યારેય ધુમ્રપાન કરતા ન હોતા કરતા, તેમને ફેફસાંનો કેન્સર નિદાન થયો હતો. ડોકટરના મત મુજવ પેસીવ સ્મોકીંગ એટલે કે ખુલ્લામા ધુમ્રપાન કરનારની આસપાસ રહેલા ધુમાડો શ્વાસમા જવુ જેના કારણે પણ કેન્સર થઇ શકે છે. આ ઘટનામા તેમણે પિતાની છત્રછાયા ગુમાવી. આ દુઃખદ ઘટનાએ તેમને અંદરથી ઝંઝોડી નાખ્યા અને તમાકુ વ્યસન સામે જીવન સમર્પિત કરવાનો દ્રઢ સંકલ્પ કર્યો હતો.

પ્રારંભિક સમયમાં શ્રી ક્રિશ્ચિયન તેમના પત્નિ અને તેમની ટીમ ટ્રાફિક ચોક અને જાહેર સ્થળોએ તમાકુના જોખમ દર્શાવતા પ્લેકાર્ડ સાથે ઉભા રહેતાં ત્યારે તેમને અનેક નકારાત્મક ટિપ્પણીઓનો સામનો કરવો પડ્યો હતો. તેમ છતાં તેમનો દૃઢ નિશ્ચય ક્યારેય ડગમગ્યો નહીં. આજે ૨૩ વર્ષ સુધી સતત આ દિશામા કામ કરતા તેમની પહેલો ગુજરાતના અનેક જિલ્લાઓ સુધી વિસ્તરી ગઈ છે, જેમાં તેમણે સરકારની સંગાથે વિવિધ અભિયાનો ચલાવી રહ્યા છે. જેમા ટોબેકો-ફ્રી સ્કૂલ અભિયાન, યેલો લાઈન કેમ્પેઈન અને વિવિધ જાગૃતિ કાર્યક્રમોનો સમાવેશ થાય છે. તેમના સક્રિય પ્રયાસોથી ગુજરાત પ્રથમ રાજ્ય બન્યુ જ્યા હુક્કા પાર્લર પર પ્રતિબંધ છે. આ સાથે તેમણે વડોદરા સહિત ૮ કોર્પોરેશનમા વ્યસન મુક્તિ ડ્રાઈવ ચલાવે છે. આ ઉપરાંત અનેક પીએલઆઈ, જનહિત અરજીઓ, તમાકુની જાહેરાત પર વિરોધ, તમાકુની પ્રોડક્ટ પર ચેતવણી, ફિલ્મોમા 'નો સ્મોકિંગની ચેતવણી', પ્રસિધ્ધ લોકો દ્વારા તમાકુની એડ પર પ્રતિબંધ જેવી અનેક પેહેલો શ્રી ક્રિશ્ચિયન અને તેમની ટીમને કારણે શક્ય બની છે.

આ અંગે વધુ જાણકારી આપતા શ્રી ક્રિશ્ચિયનએ કહ્યુ હતું કે, 'મારૂનું સ્વપ્ન એક તમાકુમુક્ત પેઢીનું છે, જ્યાં તમાકુ ઉત્પાદનો માત્ર મ્યુઝિયમમાં પ્રદર્શિત વસ્તુઓ તરીકે જ જોવા મળે. કે તમાકુ નામક કોઈ ચિજ હતી.'

આજે શ્રી ક્રિશ્ચિયન ૩૩ જિલ્લાઓમા ૨૦૦ જેટલા સ્વયંસેવકોની સક્રિય ટીમ સાથે વર્ષભર લોકોમાં તમાકુ સેવનના જોખમ અંગે જાગૃતિ ફેલાવવાના કાર્યક્રમો કરે છે. આ સાથે તેઓ 'મિશન ક્લીન વડોદરા' પહેલ હેઠળ વડોદરા પોલીસ સાથે મળીને નશાની લત સામે સંઘર્ષ કરતા લોકોના પુનર્વસન માટે પણ કાર્યરત છે.

નશાખોરી આજના સમયમાં એક ગંભીર સામાજિક સમસ્યા બની ગઈ છે. જો સમયસર જાગૃતિ ફેલાવી યોગ્ય પગલાં લેવામાં આવે, તો ખાસ કરીને યુવાનોને આ ગંભીર દુષણથી દૂર રાખી શકાય અને તમાકુમુક્ત પેઢીનું નિર્માણ કરી શકાય છે.


DGVCL દક્ષીણ ગુજરાત વીજ કંપની લીમીટેડ DGVCL
CINU40102GJ2003SGC042909
ભરૂચ ગ્રામ્ય વિભાગીય કચેરી
મકતમપુર, ઝાડેશ્વર રોડ, ભરૂચ - ૩૯૨૦૧૨
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં :- ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩, ૧૯૧૨૩

વીજપુરવઠો બંધ રહેવા

આથી અમારા અટાલી સબડીવીઝન ના માનવંતા ગ્રાહકોને તથા જાહેર જનતાને જણાવવાનું કે નીચે જણાવેલા વીજ ફીડરો પર સબડીવીઝન કચેરી / ૬૬ કેવી સબ સ્ટેશન નું અગત્યનું સમારકામ હોવાથી તેમાંથી વીજપુરવઠો મેળવતા તમામ વીજગ્રાહકો તેની સામે દર્શાવેલ તારીખે અને સમયે વીજપુરવઠો મળી શકશે નહીં. કામ પૂરું થયેથી બીજી કોઈ પણ જાતની જાન કર્યા સિવાય વીજપુરવઠો ચાલુ કરવા માં આવશે, જેની જાહેર જનતા ને ખાસ નોંધ લેવા વિનંતી છે.

| ક્રમ | સબ સ્ટેશન | ફીડર | સબ-ડીવીઝન | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ/વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી સંભેટી | ૧૧ કેવી સામંતપુર | અટાલી | ૮૯૮૦૮૦૩૯૨૦ | ૧૭-૦૩-૨૦૨૬ / મંગળવાર | ૦૯:૦૦ થી ૧૭:૦૦ |

એમ.સી.બી / ઇ.એલ.સી.બી/આર.સી.સી.બી લગાવી વીજળીના ઝાટકા થી બચો અને વીજ અકસ્માત ટાળો